

Azadi Ka Amrit Mahotsav

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION


# NRG TIMES

## CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. મે ૩૧, ૨૦૨૨ • જેઠ સુદ ૧ સંવત ૨૦૭૮

NGF Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge),
Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

Contact Address
**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF

FOR PRIVATE CIRCULATION ONLY

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની એકદિવસીય ગુજરાત મુલાકાત દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં હાજરી



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૮ મે, ૨૦૨૨ના રોજ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેઓશ્રીએ એક જ દિવસમાં રાજ્યમાં અલગ અલગ જગ્યાએ આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સૌથી પહેલા તેમણે રાજકોટમાં આટકોટ ખાતે નવનિર્મિત કે.ડી.પી. મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું લોકાર્પણ કર્યું હતું. ૨૦૦ બેડની સુવિધા ધરાવતી શ્રી કે. ડી. પરવાડીયા મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત લાખો લોકોની જનમેદનીને વડાપ્રધાનશ્રીએ સંબોધન કરતાં કહ્યું હતું કે સરકારે ગરીબોની સેવા કરી તેમનું સશક્તિકરણ કરવાની આગવી પરિપાટી પ્રસ્થાપિત કરી છે. ત્યારબાદ બપોરે પ્રધાનમંત્રીશ્રીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'સહકાર સે સમૃદ્ધિ' વિષય પર વિવિધ સહકારી સંસ્થાઓના નેતાઓના સેમિનારને સંબોધન કર્યું હતું. સાથે જ કલોલ ખાતે ઈફ્કો દ્વારા નિર્મિત નેનો યુરિયા (લિક્વિડ) પ્લાન્ટનું ડિજીટલ લોન્ચિંગ કરતાં કહ્યું હતું કે આત્મનિર્ભર કૃષિ માટે દેશના પ્રથમ નેનો યુરિયા લિક્વિડ પ્લાન્ટનું ઉદ્દ્ઘાટન કરતી વખતે મને વિશેષ આનંદ થઈ રહ્યો છે. હવે એક બોટલમાં યુરિયાની બોરીની શક્તિ સમાયેલી છે. નેનો યુરિયાની અડધો લિટર બોટલ ખેડૂતની એક બોરી યુરિયાની જરૂરિયાત પૂરી કરશે.

(Source : https://cmogujarat.gov.in)

## ગુજરાત કાર્બન માર્કેટ સેટઅપ કરનારું પ્રથમ રાજ્ય બનશે



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ નવેમ્બર-૨૦૨૧ ગ્લાસગોમાં યોજાયેલી યુ.એન. કલાયમેટ ચેન્જ કોન્ફરન્સ કોપ-૨૬માં ભારતને ૨૦૭૦ સુધીમાં શૂન્ય કાર્બન ઉત્સર્જન તરફ લઇ જવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. જેના અનુસંધાને ગુજરાતે એક પહેલ રૂપ કદમ ભર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણાદાયી ઉપસ્થિતીમાં ગુજરાત સરકાર અને એનર્જી પોલિસી ઇન્સ્ટીટ્યૂટ યુનિવર્સિટી ઓફ શિકાગો તેમજ સાઉથ એશિયાની જે-પાલ વચ્ચે આ અંગેના MoU ગાંધીનગરમાં સંપન્ન થયા હતા. ઊર્જા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ પણ આ વેળાએ સહભાગી થયા હતા. આ MoU ના પરિણામે ગુજરાત કાર્બન માર્કેટના આયોજન અંગે વિચાર કરનારું દેશભરમાં પ્રથમ રાજ્ય બનશે. ગુજરાત દેશમાં સૌથી વધુ વાયબ્રન્ટ ઇકોનોમી તરીકે ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનમાં મોટો ફાળો આપનારું રાજ્ય છે. એટલું જ નહિ, પર્યાવરણ જાળવણી સાથે વિકાસની વૃદ્ધિને પ્રોત્સાહક નીતિઓથી ગુજરાત પર્યાવરણ રક્ષા અને ઔદ્યોગિક વિકાસ બેય મહત્વપૂર્ણ બાબતોને પરિપૂર્ણ કરે છે.

(Source : https://cmogujarat.gov.in)

# વડોદરાના શિક્ષક UKમાં રોયસ્ટોનના મેયર બન્યા



વડોદરાના પ્રતાપગંજની સ્કૂલમાં ૧૨ વર્ષ સુધી અંગ્રેજી અને સમાજશાસ્ત્ર ભણાવનારા શિક્ષિકા મેરી એન્ટોની લંડન નજીકના ટાઉન રોયસ્ટોનનાં મેયર બન્યાં છે. આ સિદ્ધિ માટેનો શ્રેય તેમણે અહીં કરેલી સામુદાયિક સેવાને આપ્યો હતો. તેઓ વડોદરામાં રોઝરી સ્કૂલમાં ૧૯૯૫થી ૨૦૦૭ સુધી શિક્ષિકા રહ્યા હતા. રોયસ્ટોન ટાઉનની વસતી ૨૫ હજારની આસપાસ છે. અહીં ૪૪ ભારતીય કુટુંબ વસે છે, જેમાં વડોદરા ઉપરાંત ભારતના ઘણાં રાજ્યોના લોકો રહે છે. વડોદરાના ડૉ. રોબિન સાથે લગ્ન કર્યા બાદ તેઓ રોયસ્ટોનમાં જ સ્થાયી થયા છે. તેઓ અનેક સંસ્થા સાથે જોડાયેલાં છે અને વડીલો-બીમારોની સેવા કરે છે.

(Source : www.divyabhaskar.co.in)

# ભટાસણ ગામના NRI પરિવારે પ્રાથમિક શાળાનું મકાન બનાવી આપ્યું



જોટાણા તાલુકાના ભટાસણ ગામના વિકાસમાં વિદેશમાં વસતા NRI પરિવારોનો સિંહફાળો છે. કેનેડામાં વસતા પટેલ મહેન્દ્રકુમાર પ્રહલાદભાઈ મગનદાસ ભગત પરિવારે ગામમાં રૂ. ૧.૫૧ કરોડના ખર્ચે પ્રાથમિક શાળાનું અદ્યતન મકાન બનાવી આપી વતનનું ઋણ અદા કર્યું છે. ભટાસણ ગામની અનુપમ પ્રાથમિક શાળા જર્જરિત થઈ જતા ગ્રામજનો દ્વારા શાળાના નવીકરણ માટે પ્રસ્તાવ મૂકવામાં આવ્યો ત્યારે કેનેડાના મહેન્દ્રકુમાર પટેલ પરિવારે આગળ આવી ખુબ જ ટૂંકા સમયમાં શાળાના નવીનીકરણનું કામ પૂર્ણ કરી પટેલ મણીબેન પહેલાદભાઈ મગનદાસ અનુપમ પ્રાથમિક શાળા ખુલ્લી મૂકી હતી.

(Source : www.divyabhaskar.co.in)

# માત્ર પાંચ વર્ષનો ધૈર્ય શ્રોફ છે દેશનો સૌથી યુવા રેટેડ ચેસ પ્લેયર



માત્ર પાંચ જ વર્ષની ઉંમર ધરાવતો ધૈર્ય અમિત શ્રોફ આટલી નાની ઉંમરે ગુજરાતનું ગૌરવ બન્યો છે. ચેસની વૈશ્વિક સંસ્થા ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન-FIDE દ્વારા ધૈર્યની ભારતના સૌથી યુવા રેટેડ ચેસ પ્લેયર તથા વિશ્વના બીજા નંબરના સૌથી યુવા ચેસ પ્લેયર તરીકેની પુષ્ટિ કરવામાં આવી છે. ધૈર્યના પિતા અમિત શ્રોફે જણાવ્યું કે, કોરોના લોકડાઉન વખતે ધૈર્યને આ રમતમાં રસ પડ્યો હતો. તેઓ જ્યારે ઓનલાઈન ચેસ રમતાં ત્યારે ચાર વર્ષનો ધૈર્ય તેમનું નિરીક્ષણ કરતો અને ધીમે-ધીમે તેને રમતમાં રસ જાગ્યો. આ કારણે અમિત શ્રોફે તેને રમતની ચાલ વિશે સમજાવ્યું અને તે ખૂબ સરળતાથી સમજી પણ ગયો હતો.

(Source : www.gujaratsamachar.com)


# એટલાન્ટા ખાતે વાડીલાલ ઇન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલ યોજાયો



વાડીલાલ ઇન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલ (IGFF)ની ત્રીજી આવૃત્તિનું ૨૦થી ૨૨ મે દરમિયાન એટલાન્ટા, અમેરિકા ખાતે આયોજન થયું હતું. ત્રણ દિવસીય ફેસ્ટિવલમાં એટલાન્ટાની જાણીતા હસ્તીઓ, મહાનુભાવો, ગુજરાતી સમુદાય અને ગુજરાતી ફિલ્મ જગતના સભ્યો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને ગુજરાત ટુરિઝમનો સહયોગ મળ્યો હતો. વર્ષ ૨૦૨૨ના વિજેતાઓની ઘોષણા સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો. લેખક-નિર્દેશક પાન નલીનની ગુજરાતી ફિલ્મ 'ધ લાસ્ટ ફિલ્મ શૉ (છેલ્લો શૉ)'ને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો. જ્યારે 'કોઠી ૧૯૪૭' અને '૨૧મુ ટિફિન'ને બેસ્ટ ફિલ્મનો જ્યુરી એવોર્ડ મળ્યો હતો.

(Source : www.akilanews.com)

# ડૉ. શૈલેષ ઠાકરને સર્વશ્રેષ્ઠ મેનેજમેન્ટ ટ્રેનર્સનો એવોર્ડ



અમેરિકાના એટલાન્ટા સ્થિત IFLD (ઇન્ટરનેશનલ ફેડરેશન ઓફ લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ) દ્વારા સમગ્ર વિશ્વમાંથી વર્ષ ૨૦૨૨ના ટોપ-૧૦ મેનેજમેન્ટ ટ્રેનર્સ કોચગુરુને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેમાં ડૉ. શૈલેષ ઠાકરને વિશ્વના સર્વશ્રેષ્ઠ મેનેજમેન્ટ ટ્રેનર્સનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ગ્લોબલ કાઉન્સિલ IFLDના વાઈસ પ્રેસિડેન્ટ ટેરુ ઈસોબ (જાપાન) અને ગર્વનર ઓફિસના ડોનોવાન હેડના હસ્તે આ એવોર્ડ અપાયો હતો. ડૉ. ઠાકરે લગભગ પોતાના જીવનના ત્રણ દશકા શીખવા અને વિકાસમાં આપ્યા છે. તેમજ વિશ્વના લગભગ તમામ ક્ષેત્રોમાં ૨૦ હજાર કલાકથી વધુ તેઓએ પોતાની સ્પીચ થકી માર્ગદર્શન આપ્યું છે અને ૬૨ દેશોમાં મેન્ટર્સ તરીકે ચાહક વર્ગ ધરાવે છે. તેમણે ૧૨૦ જેટલાં પુસ્તકો લખ્યાં છે અને પ્રાઈડ ઓફ ઇન્ડિયા અને પ્રાઇડ ઓફ ગુજરાતથી પણ સન્માનિત છે.

(Source : www.divyabhaskar.co.in)

# ગુજરાતી સમાજના કોમ્યુનિટી હોલનું ભૂમિપૂજન થયું



છત્તીસગઢ, ગારિયાબંદના ડોંગરીગાંવ ગામમાં ગુજરાતી સમાજના કોમ્યુનિટી હોલનું ભૂમિપૂજન છત્તીસગઢના પંચાયત મંત્રી અને રાજિમના ધારાસભ્ય અમિતેશ શુક્લાએ કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે ગુજરાતી સમાજ સાથે તેમને હંમેશા ઊંડો પ્રેમ અને જોડાણ રહ્યું છે. ગુજરાતી સમાજના લોકો અસાધારણ પ્રતિભાથી સમૃદ્ધ છે જે તેમના જીવનને અનુસરીને જ સમજી શકાય છે. આ પ્રસંગે ગુજરાતી સમાજ યુવા મંડળના પ્રમુખ અમિત વખારીયા સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(Source : www.aajkijandhara.com)

# ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાને સમાજ ભવનના નિર્માણ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય

ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને નિશ્ચિત શરતોને આધીન ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, ખરીદી કે વિસ્તરણ હેતુ માટે તથા મરામત, સમારકામ કે નવીનીકરણના ખર્ચ પેટે આર્થિક સહાય મંજૂર કરવા ઠરાવેલ છે. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

તા, ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ હવે સમાજ ભવનના બાંધકામ માટે વધુમાં વધુ ૪૦ લાખ રૂપિયા અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની અને મંજૂર થયેલ સહાય પૈકી બાંધકામ લિન્ટલ લેવલ સુધીનું થાય ત્યારે મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામનું કાર્ય પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યાં છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ, આસામના ગૌહાતી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકે:

- આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે.
- ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે.
- આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે.
- આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.



# સાયન્સ એન્ડ ટેકનોલોજી સેન્ટર, પાટણ

પાટણ શિહોરી રોડ પર સરસ્વતી સેવા સદનની સામે રાજ્ય સરકાર દ્વારા ૧૦ એકર જમીન પર અંદાજે ૧૦૦ કરોડનાં ખર્ચે પ્રાદેશિક સાયન્સ મ્યુઝિયમની સાથે ગુજરાતનાં એકમાત્ર બાલાસિનોર ડાયનાસોર પાર્ક કરતાં પણ મોટી ડાયનાસોર ગેલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે જે ઉત્તર ગુજરાત સહિત રાજ્યભરનાં લોકો તથા પાટણમાં પ્રવાસાર્થે આવતાં મુસાફરો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ટેક્નોલોજીના વિકાસના ધ્યેયને મૂર્ત સ્વરૂપ આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને પ્રયાસોથી વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર અને પ્રસાર માટે રાજ્યમાં ચાર સ્થળોએ પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. 'ગુજરાત ગૌરવ દિવસ' નિમિત્તે પાટણ ખાતે 'પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર'નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આ કેન્દ્ર વિજ્ઞાનના પ્રસાર, ટેકનિકલ જાગૃતિ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય લોકો માટે STEMને લોકપ્રિય બનાવવા માટે એક મહત્વપૂર્ણ સ્થાન બની રહેશે. એટલું જ નહીં, ૩૪૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા અને અંદાજિત રૂ. ૧૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલ 'પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર' વિજ્ઞાન, ટેકનોલોજી અને ગણિતના ક્ષેત્રને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. તેમજ અહીંની ગેલેરીઓ પાટણ જિલ્લાની વિશિષ્ટતાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. જેમાં લેન્ડ ઓફ ડાયનોસોર ગેલેરી, હાઈડ્રોપોનિક્સ ગેલેરી, નોબેલ પ્રાઈઝ ગેલેરી, કેમિસ્ટ્રી, ઓપ્ટિક્સ ગેલેરી, હ્યુમન સાયન્સ ગેલેરીનો સમાવેશ થાય છે.

**ડાયનાસોર ગેલેરી :** આ ગેલેરી મુલાકાતીઓને પુરાતન યુગમાં લઈ જશે. પૃથ્વી પર ડાયનાસોરનું અસ્તિત્વ હતું તેમ આબેહૂબ જીવંત કદના ડાયનાસોરને નજીકથી નિહાળવાનો તેમજ ઇન્ટરેક્ટિવ ડિસ્પ્લે સિસ્ટમ મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરશે તથા ડાયનાસોરનાં ઉદય અને અસ્ત થવાનાં કારણોની સમજૂતી પણ પ્રાપ્ત થશે.






**હ્યુમન સાયન્સ ગેલેરી :** આ ગેલેરીમાં માનવ ઉદવિકાસ સાથે વિવિધ અંગોના તેમજ પ્રણાલીઓનાં કાર્યો સાથે જિનેટિક્સ જેવા માનવ વિજ્ઞાન સાથે સંકળાયેલા પાસાંઓ અને પૃથ્વી પર જીવનનાં વિકાસને લગતી રસપ્રદ માહિતીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.



**હાઈડ્રોપોનિક્સ ગેલેરી :** આ ગેલેરીમાં ખેતીની અત્યાધુનિક તકનીક તથા તેની પાછળ કાર્ય કરતું વિજ્ઞાન પ્રદર્શિત કરાયું છે. મુલાકાતીઓને અહીં કાર્યરત હાઈડ્રોપોનિક ફાર્મ નિહાળવા મળશે, જેથી તેઓને આ તક્નીક વિશે સંપૂર્ણ માહિતી મળી રહે અને રાજ્યના ખેડૂતોને તે અંગે શિખવા મળે.



**નાબેલ પ્રાઇઝ કેમેસ્ટ્રી ગેલેરી :** આ ગેલેરી રસાયણશાસ્ત્ર ક્ષેત્રે નોબલ પારિતોષિક વિજેતાઓને સમર્પિત છે જેમાં મેરી ક્યુરીથી લઈને વેંકટરામન જેવા અત્યાર સુધીના તમામ નોબલ પારિતોષિક વિજેતાઓની માહિતી ભવિષ્યના નોબલ પારિતોષિક વિજેતાઓને પ્રેરણા પૂરી પાડશે.



**ઓપ્ટિક્સ ગેલેરી :** આ ગેલેરીમાં પ્રકાશ પાછળનું વિજ્ઞાન અને તેની ક્રિયા-પ્રતિક્રિયા તેમજ પ્રકાશ આધારિત વિવિધ સાધનો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. અહીં વિદ્યાર્થીઓ પોતાના હાથે વિવિધ પ્રવૃતિઓ કરીને પ્રકાશનાં અદભુત વિજ્ઞાન વિશે જાણકારી મેળવી શકશે.

અન્ય આકર્ષણોમાં વર્કશોપ, 3-ડી થિયેટર, વિજ્ઞાન-થીમ આધારિત ઉદ્યાનો, શાળાઓ, સનડાયલ અને કાફેટેરિયાનો સમાવેશ થાય છે. આ સાથે જ ઓપ્ટીકલ ઈલ્યુઝનની રોમાંચક દુનિયા ઓપ્ટિક્સ ગેલેરીમાં જોઈ શકાશે. ઈલ્યુઝન ટનલ, ઈન્ફિનિટી પીટ, ટિલ્ટેડ રૂમ પણ વિજ્ઞાન પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.








આ ઉપરાંત, આ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લેવા આવનાર વિજ્ઞાન પ્રેમીઓને લાખો વર્ષોના જીવનનો ઈતિહાસ ધરાવતા જુરાસિક યુગનો અહેસાસ થશે. ૫૭ ફૂટની ઉંચાઈ ધરાવતું ભારતનું સૌથી ઊંચું બ્રાકિયોસોરસ ડાયનાસોર પણ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. પાટણ અને આસપાસના જિલ્લાની શાળાઓ, કોલેજો, આઈ.ટી.આઈ.ની મધ્યમાં આવેલું આ કેન્દ્ર યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનનો રસ વધારવામાં પણ મદદ કરશે. પાટણની સુપ્રસિદ્ધ રાણકી અને પ્રખ્યાત પાટણના પટોળા સાથે હવે અહીં તૈયાર થયેલું રાજ્યનું પ્રથમ પ્રાદેશિક સાયન્સ એન્ડ ટેકનોલોજી સેન્ટર પાટણની ઓળખ બનવાનું છે.

(Sources & Photo Courtesy : https://cmogujarat.gov.in, https://mobile.twitter.com/rscpatan)

# ગોંડલ રાજ્યમાં સાયકલનું લાયસન્સ ફરજિયાત હતું







એક જમાનામાં વિલાયતી નળિયાવાળું ઘર, સાયકલ, ટ્રાન્ઝિસ્ટર રેડિયો જેની પાસે હોય એ શાહુકાર ગણાતો હતો. આમ છતાં આ 'લકઝરી' લાઈફ દરેકને નસીબ ન હતી. કોઈ વ્યક્તિ સાયકલ લઈને ગામમાં નીકળે તો લોકો અચંબિત થઈ જતા હતા. તમે માનશો, ગોંડલ સ્ટેટમાં રાજાશાહી યુગ એટલે કે ૧૯૩૦ની સાલમાં સાયકલનું લાયસન્સ લેવું પડતું હતું. સાયકલધારકને મહારાજા ઠાકોર સાહેબ સર ભગવતસિંહજીની સહીવાળું નવ પાનાની પુસ્તિકાવાળું લાયસન્સ યાને કે પરવાનો આપવામાં આવતો હતો જેમાં દર્શાવેલા ૧૪ નિયમોનું સાયકલીસ્ટે ચૂસ્તપણે પાલન કરવું ફરજિયાત હતું. એનું ઉલ્લંઘન કરનાર સામે કેસ દાખલ થતો હતો અને ગુનો સાબિત થયે પાંચ રૂપિયા મહત્તમ દંડ થતો હતો.

જે યુગમાં સામાન્ય પરિવહન માટે બળદગાડાં, ઘોડાગાડીનું ચલણ હતું ત્યારે સાયકલ અસ્તિત્વમાં આવી હતી, તે સમયમાં પગપાળા જવાનું હોય એમાં થાકી જવાય એ સમયે સાયકલ હાઈસ્પીડ વાહન લેખાતું હતું. ત્રીસથી ચાલીસ રૂપિયામાં સાયકલ મળતી હતી, કેટલાક લોકો સાયકલ ખરીદી તેને શણગારતા હતાં. એ જમાનામાં લોકોનો એક પગાર જેટલી સાયકલની કિંમત હતી. જેના ઘરે સાયકલ હોય એ 'ટોક ઓફ ધ વીલેજ- ટાઉન' ગણાતા હતાં. એમના દીકરા દીકરીની જલદી સગાઈ થઈ જતી હતી. એ જમાનામાં ધનાઢ્ય લોકોને જ સાયકલ નસીબ હતી.

ગોંડલ સ્ટેટમાં કોઈ વ્યક્તિ 'ધૂમ સ્ટાઈલ'થી સાયકલ ચલાવે તો તેનું લાયસન્સ જપ્ત થઈ જતું હતું. એ સમયે ગોંડલ રાજ્યમાં સાયકલ ચલાવવા માટે જે લાયસન્સ અપાતું એ લાયસન્સ બુકમાં સાયકલ પરિચાલન માટે નિયમો દર્શાવવામાં આવતા હતાં. સાયકલ સવારી કરનારને પોલીસ સંકેત આપે તો ઉભી રાખવી પડતી હતી. સાયકલનું રજીસ્ટ્રેશન કરાવવું પડતું હતું. દરેક સાયકલને નાનકડી નંબર પ્લેટ અપાતી હતી. જો રાત્રે સાયકલ ચલાવવી હોય તો આગળ 'ટમટમિયું' અથવા લેમ્પ રાખવો પડતો હતો અને ડાયનેમો સાયકલ જોડે 'ઈન બિલ્ટ' રાખવો પડતો હતો. સાયકલ પર ઘંટડી ફીટ કરવી ફરજિયાત હતી. કોઈ સાયકલધારક આ નિયમોનો ભંગ કરે તો તેની સામે ન્યાયિક અદાલતી કાર્યવાહી થતી હતી. જો મેજીસ્ટ્રેટ સમક્ષ ગુનો સાબિત થાય તો પાંચ રૂપિયા દંડ થતો હતો!

જૂના જમાનાની ફિલ્મો જોશો તો એમાં પણ સાયકલનો દબદબો રહેતો હતો. અગાઉના જમાનામાં સાયકલની જેમ રેડિયો રાખવાનું પણ લાયસન્સ લેવું પડતું હતું જો કે ૧૯૮૦ પછી આ પ્રથા રદ થઈ હતી.

રસપ્રદ વાત એ છે કે, ફેબ્રુઆરી ૧૯૪૮માં ગોંડલ રજવાડાએ ભારતીય સંઘમાં પ્રવેશ મેળવ્યા પછી એક દાયકાથી વધુ સમય સુધી સાયકલ માલિકોએ તેમના લાયસન્સને રિન્યૂ કરવાનું ચાલુ રાખ્યું હતું. ગોંડલના મહારાજા ઠાકોર સાહેબના નામે જારી કરાયેલ લાયસન્સ દર વર્ષે ૫૦ પૈસાની ફી ભરીને રિન્યુ કરાવવાનું રહેતું.


૨

પાછળ લખી વિગતની બાઇસિકલના માલિક

નામ

બાપનું નામ

જાત

રહીશ

ઠેકાણું

ને આ પરવાનો નંબર ૫ ... નો

દેવામાં આવે છે.

૩

તેનો અમલ તા. ... થી

તા. ... સુધી રહેશે.

તા. ૨૯ માહે ... સને ...

મુ. ગોંડ

પોલિસ સુપરિન્ટેન્ડન્ટ,

ગોંડલ સ્ટેટ

૮

૧૦ બાઇસિકલ પર જનારને જમણી બાજુ વળવાનું હોય ત્યારે પાછળ આવનારને ચેતવણી આપવા પોતાનો જમણો હાથ જમણી બાજુ સીધો લાંબો કરવો અને તે ઉભી રાખવી હોય તો કોણી ખંભાની પધોરે રાખી હાથ ઊભો કરવો.

૧૧ ફુટપાથ ઉપર કે લોકોના જાનમાલની સલામતી જોખમાય તેવી ઝડપથી બાઇસિકલ ચલાવવી નહીં.

૧૨ બાઇસિકલપર સ્વારી કરનારે પોલીસ કહે કે ઇશારો કરે તો તે ઉભી રાખવી.

૧૩ બાઇસિકલ ભાડે લઇ ફેરવવા જનાર શખ્સ ગુનો કરે તેનું નામ જણાવવાની ફરજ ભાડે આપનાર ઉપર રહેશે.

૯

૧૪ ઉપર લખી કલમ વિરૂદ્ધ વર્તન કરનાર સામે ન્યાયની અદાલતમાં ગુનો સાબીત થયે રૂા. ૫ દંડ થશે.

૧ મે, ૧૯૩૦, ગોંડલ.

BHAGVAT SINH JEE
મહારાજા ઠાકોર સાહેબ,
સંસ્થાન ગોંડલ–ધોરાજી.

(Sources : https://timesofindia.indiatimes.com, www.gujaratsamachar.com)

# બુટાપાલડીનું પ્રાચીન મંદિર



મહેસાણા જિલ્લા-તાલુકામાં આવેલ બુટાપાલડી મહેસાણા-ઊંઝા માર્ગ પર મહેસાણાથી ૮ કિ.મી.ના અંતરે આવેલ છે. મુખ્ય માર્ગથી ૩ કિ.મી.ના અંતરે આ ગામ આવેલું છે. મહેસાણા તથા ઊંઝાથી રાજ્ય પરિવહન બસ સેવા દ્વારા પાકા માર્ગથી સંકળાયેલ આ ગામ સુધી જઈ શકાય છે.

બુટાપાલડી ગામથી પશ્ચિમે એક પ્રાચીન મંદિર આવેલ છે જે રેતીયા પથ્થરમાંથી નિર્માણ પામેલ છે. ગર્ભગૃહ, અંતરાલ અને લઘુમંડપ જેવાં વિવિધ અંગો ધરાવતા આ મંદિરનું ગર્ભગૃહ ચોરસ છે, જ્યારે મંડપ લંબચોરસ છે. સ્થાનિક લોકો દ્વારા આ મંદિરને શીતળા માતાનું મંદિર તરીકે ઓળખવામાં આવે છે. ગામોલોકો તેને બ્રહ્માણી માતા તરીકે પણ પૂજે છે.

ગર્ભગૃહની પીઠમાં વિવિધ થરોનાં દર્શન થાય છે. પીઠમાં કંડારેલ ગજથર, નરથર એ આકર્ષણ ધરાવતાં મહત્ત્વના થરો છે. આ થરોની રચનાને કારણે સ્થાપત્યની દ્દષ્ટિએ પીઠને મહાપીઠ તરીકે ઓળખાવી શકાય. નરથરમાં માનવ જીવનના વિવિધ પ્રસંગોનાં આલેખન છે. જેમાં હાથી, સિંહ, ભુંડ, ગાય વગેરે પ્રાણીઓનું પણ સુંદર આલેખન જોવા મળે છે. પીઠની ઉપર આવેલ કુંભાના થરની મધ્યમાં ચતુર્ભુજ દેવીની પ્રતિમા છે. દેવીના ઉપલા બંને હાથમાં પદ્મ છે. નીચેનો જમણો હાથ વરદ મુદ્રામાં છે અને ડાબા હસ્તમાં કમંડળ ધારણ કરેલ છે. દેવીના શિલ્પની બંને બાજુ ગોળ નાની સ્તંભિકા છે. સ્તંભિકાની ઉપરનો ભાગ કમાનાકારથી વિભુષિત છે. કુંભના થરની ઉપર ક્રમશઃ કળશ અને રૂપપટ્ટીકાનો થર છે. રૂપપટ્ટીકા ચૈત્યભાતથી સુશોભિત છે.





મંદિરનો મધ્યભાગ એટલે કે જંઘાનો ભાગ પ્રચુર શિલ્પકલાથી વિભૂષિત છે. જેમાં વિવિધ દેવ, દેવીઓ, દિક્પાલ, વિવિધ અંગભંગીમાં અપ્સરા, નૃત્યાંગનાઓ વગેરેનાં શિલ્પોનું આલેખન છે. જેમાં દર્પણકન્યા, સદ્યસ્નાતા વગેરેનાં શિલ્પો અતિ મોહક જણાય છે. જંઘામાં દક્ષિણ બાજુની દીવાલના મધ્યમાં આવેલ ગોખમાં દેવી દુર્ગાની પ્રતિમા છે. જ્યારે પશ્ચિમ તથા ઉત્તર બાજુની દીવાલના મધ્ય ભાગના ગોખમાં મહિષાસુરમર્દિનીની પ્રતિમા છે. આ સમગ્ર પટ્ટમાં







કંડારેલ શિલ્પોનું દેહલાલિત્ય કંઈક અંશે પાટણની રાણીની વાવનાં શિલ્પોની યાદ અપાવે છે. જો કે સમયાંકનની દૃષ્ટિએ આ મંદિર એક સૈકો પાછળ છે, છતાં તેની કલાશૈલી એટલી જ આકર્ષક છે.

મંદિરનું શિખર નાની મોટી શિખરીઓથી વિભૂષિત છે. શિખર ઉપર જાલકભાત સોલંકી સમયની નાગર કલાશૈલીનો પરિચય કરાવે છે. મંદિરના ગર્ભગૃહની અંદર પીઠિકા ઉપર દેવી શિલ્પ છે. ગર્ભગૃહના પ્રવેશની બંને બાજુએ આવેલ દ્વારશાખની મધ્યની રૂપશાખમાં અર્ધપર્યંકાસન મુદ્રામાં અંકિત શિલ્પો લક્ષ્મીજીનાં છે. લલાટ બિંબમાં મધ્યે ગણેશજી છે, ઉદુમ્બરમાં ઉત્તર બાજુ કુબેર તથા દક્ષિણ તરફ ગણેશ કંડારેલ છે. મંદિરના જંઘા, કુંભા, શિખર, દ્વારશાખ વગેરે ભાગોમાં દેવી શિલ્પોની પ્રાધાન્યતા હોઈ આ મંદિર શક્તિ મંદિર હોવાનું જણાય છે.

મંદિરના પ્રવેશમંડપની બંને બાજુએ આવેલ કક્ષાસનના સ્તરોમાં પણ વિવિધ સ્વરૂપ ધરાવતાં દેવી શિલ્પો, ફુલવેલ, ભૌમિતિક ભાત વગેરે કંડારેલ છે. એ જ રીતે મંડપની વિતાન નીચે પટ્ટ કિચકનાં શિલ્પો ધરાવતી શાલભંજિકાનાં શિલ્પોથી અલંકૃત છે.

મંદિર પ્રમાણમાં નાનું છે. છતાં શિલ્પકલાની દૃષ્ટિએ અતિ સમૃદ્ધ છે. મહેસાણા જિલ્લાના ૧૨મા શતકમાં નિર્માણ પામેલ આસોડાના જશમલનાથ મહાદેવનાં ગૌણ મંદિરો તથા ખંડોસણ સાથે નિકટનું સામ્ય ધરાવે છે.

સદરહુ સ્મારક ગુજરાતનાં પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો તથા અવશેષોના સને ૧૯૬૫ના ૨૫મા અધિનિયમ હેઠળ સને ૧૯૭૨રમાં રક્ષિત સ્મારક તરીકે જાહેર થયેલ છે. રક્ષિત સ્મારકથી ૧૦૦ મી. વિસ્તાર પ્રતિબંધિત અને ત્યાર બાદનો ૨૦૦ મી. વિસ્તાર નિયંત્રિત જાહેર થયેલ છે. નિયંત્રિત વિસ્તારમાં બાંધકામ માટે પુરાતત્ત્વ ખાતાનું 'ના-વાંધા પ્રમાણપત્ર' અનિવાર્ય છે.

(Source & Photo Courtesy : Sambodhi Vol. XXIX 2007, Published by L. D. Institute of Indology, Ahmedabad; https://upload.wikimedia.org)